Presented on :06-08-2025
Registered on : 06-08-2025
Decided on : 27-04 -2026
Duration : 00years,08months,21 days

**મે. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.નેત્રંગ.**

ફોજદારી કેસ નં.૯૭૪/૨૦૨૫

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : વિનોદભાઈ વિઠ્ઠલભાઈ ભારજીભાઈ વસાવા
રહે: ટેકરી ફળીયું, ચંન્દવાણ ,તા.નેત્રંગ,જી.ભરૂચ.

ગુન્હો : બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી એકટ ની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪,૧૮૭ R/W મુજબ.

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ચૌધરી.
આરોપી તરફે વિ.વ.શ્રી આર.એમ.ગઢીયા.

---

**–: ઠરાવ :–**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના તહોમતદારનાએ તા.૧૧/૦૨/૨૦૨૫ ના રોજ તમોના કબજાની ઈકકો ગાડી નંબર જી.જે.૧૬–ડી.એસ–૩૨૬૧ પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સાહેદ જયપાલભાઈ અર્જુનભાઈ વસાવાનાઓની હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાઈકલ નંબર–જી.જે.૨૨–આર–૪૫૦૨ ને ટકકર મારતા

તેમને શરીરે કપાળમાં જમણી સાઈડે તથા ડાબા પગના ઘુંટણની નીચેના ભાગે તથા કમરથી નીચેના ભાગે અને શરીરે નાની મોટી ઈજા પહોં ચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી પોતાની ઈકકો ગાડી લઈને નાસી જઈ, બી.એન.એસ.૨૦૨૩ ની કલમ-૨૮૧,૧૦૬(૧), તથા એમ.વી. એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪,૧૮૭ R/W મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરતા આરોપી વિરુધ્ધ ફરીયાદી એ નેત્રંગ પોલીસ સ્ટેશન ગુ.રજી. નં.૧૧૧૯૯૦૦૫૨૫૦૦૯૮/૨૦૨૫, તા.૧૧/૦૨/૨૦૨૫ થી ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અમલદારે જરુરી પંચનામા કરી, સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધના ગુનાની તપાસ કરી હાલનું ચાર્જશીટ દાખલ કરેલું છે.

**(૨)** સદર કામે આરોપીને સમન્સની ધોરણસર બજવણી કરવામાં આવતા આરોપી મુદતે અત્રેની અદાલતમાં હાજર થતાં બી.એન.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ છે. અને આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા આરોપીએ આં ક-૦૪ ના નિવેદનમાં આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરતા સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૦૬ | ફરીયાદી અર્જુનભાઈ ચંપકભાઈ વસાવાની જુબાની |
| (૨) | ૦૮ | સાહેદ વસંતાબેન અર્જુનભાઈ વસાવાની જુબાની |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | ફરીયાદ |
| (૨) | ૦૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| (૩) | ૧૦ | ઈન્કવેસ્ટ પંચનામું |
| (૪) | ૧૧ | વાહન કબજે કર્યા એંગેનું પંચનામું |
| (૫) | ૧૨ | પી.એમ.રીપોર્ટ |

**(૪)** ત્યાર બાદ ફરિયાદી પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કો. કલમ :– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો હોઈ નોધવામાં આવેલ છે. તેમા અમારી સામે વળતર મેળવવા ખોટો કેસ કરેલ છે. દયા કરવા વિનંતી કરવા જણાવેલ છે. ત્યાર બાદ આરોપી સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે આરોપીના વિ. વકીલશ્રી ની લંબાણ પુર્વકની દલીલો સાંભળી.

**(૫)** હાલના કામે રજુ થયેલ તમામ પુરાવોના આધીન કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી તમોના કબજાની ઈકકો ગાડી નંબર જી.જે.૧૬–ડી.એસ–૩૨૬૧ પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સાહેદ જયપાલભાઈ અર્જુનભાઈ વસાવાનાઓની હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાઈકલ નંબર–જી.જે.૨૨–આર–૪૫૦૨ ને ટકકર મારતા તેમને શરીરે કપાળમાં જમણી સાઈડે તથા ડાબા પગના ઘુંટણની

નીચેના ભાગે તથા કમરથી નીચેના ભાગે અને શરીરે નાની મોટી ઈજા પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી પોતાની ઈકકો ગાડી લઈને નાસી જઈ, બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૦૬(૧), તથા એમ.વી. એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪,૧૮૭ R/W મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો આ અદાલત ની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**<u>–: કારણો :–</u>**

(૮) **મુદ્દા નંબર–૧ :–**

(૯) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહિતી મુજબ સાચું જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટું બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ પર આધાર રહેલ છે,

પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો તે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **<u>નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ વિરૂઘ્ધ લેખરાજ [૨૦૦૦ સુપ્રિમકોર્ટ કેસીસ ૨૪૭ (ક્રિમીનલ)]</u>** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ જયારે કોઈ ફોજદારી કેસમાં કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમજ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમાં વિરોધાભાસ, અતિરેકના કારણે ફરીયાદપક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામાં એવું પણ જણાવેલ છે કે ફરીયાદપક્ષ ઘ્વારા રજુ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ, માત્ર ટેકનિકલ કારણોસર આખોય પુરાવો ડીસ્કાર્ડ કરવો જોઈએ નહી. સાહેદે ઓપેલી જુબાની કઈ પરિસ્થિતિમાં આપેલ છે, કઈ પરિસ્થિતિમાં બનાવ વખતના પરિબળો, કેવા સંજોગોમાં જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

(૧૦) સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૧૧) હાલના કામે આરોપી સામેના ગુનાની કલમો ધ્યાને લેતાં બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૦૬(૧),તથા એમ.વી. એકટ ની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪,૧૮૭ R/W પણ ધ્યાને લેવી આવશ્યક જણાય છે.

***<u>બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧ :– જાહેર રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત.</u>***

'' જે કોઈ વ્યકિત, માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી જાહેર રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી કોઈપણ પ્ર કારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.''

આમ, ઉપરોકત કલમ હેઠળ ગુનો સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે એ બાબત સાબિત કરવી જોઈએ કે, આરોપી ધ્વારા બેફામ અથવા બેદરકારીથી તેના હવાલામાનું વાહન જાહેર રસ્તા ઉપર ચલાવવામાં આવેલ કે જેનાથી માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય કોઈ વ્યકિત ને તેનાથી વ્યથા અથવા હાનિ થવાનો સંભવ હોય.

મોટર વ્હિ.એકટ ની કલમ**–૧૭૭ અને કલમ૧૮૪** સાથે વાંચતા મુજબનો ભયજનક રીતે વાહન ચલાવવાને ગુનાની સજા અં ગેની સામાન્ય જોગવાઈઓ સાથે વાંચતા તે મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ લોકો માટે જોખમી હોય એવી ઝડપે/રીતે મોટર વાહન ચલાવેલ છે.

આમ,બી.એન.એસ.૨૦૨૩ ની કલમ-૨૮૧,૧૦૬(૧), તથા એમ.વી એકટની કલમ:૧૭૭,૧૮૪,૧૩૪,૧૮૭ R/W મુજબનો ગુનો સાબિત કરવા અંગે ફરીયાદ પક્ષ ધ્વારા એ બાબત રેકર્ડ ઉપર લાવવી જોઈએ કે આરોપી ધ્વારા કરવામા આવેલ કૃત્ય બેફામ રીતે તથા બેદરકારીથી એ કૃત્ય કરવામાં આવેલ હતુ. ઉપરોકત ત્રણેય કલમો વંચાણે લેતા તેમા બેદરકારી એ ખુબ અગત્યની બાબત જણાય આવે છે અને ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીની બેદરકારી હોવાનું સાબિત કરવું જોઈએ. ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષના વિ.વકિલશ્રીઓની દલીલોને લક્ષમાં લઈ તેનું કાળજીપૂર્વક મુલ્યાંકન કરતાં ફરીયાદપક્ષના અગત્યના સાહેદ ફરીયાદી અર્જુનભાઈ ચંપકભાઈ વસાવાનાઓને આંક-૦૬ થી તપાસેલા છે. જેઓ એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તારીખ ૧૧/૦૨/૨૦૨૫ ના રોજ બનેલ બનાવના દિવસે હું ઝગડીયા જી.આઈ.ડી.સી.માં આવેલ કંપનીમાં મજુરી કામ માટે ગયો હતો અને સાંજના છ એક વાગ્યાના સુમારે અમારી ગાડીના ડ્રાઈવરે મને જણાવેલ કે મારા છોકરા જયપાલનેં ચંન્દ્રવાણ ગામના બસસ્ટેન્ડ પાસે ઈકકો ગાડી સાથે અકસ્માત થયેલ છે અને તેને સારવાર માટે નેત્રંગ દવાખાને લાવેલા હતા અને વધુ સારવાર માટે રાજપીપળા લઈ જતા હતા ત્યારે રસ્તામાં મરણ ગયેલ હોવાથી તેને પરત નેત્રંગ દવાખાને પી.એમ.માટે લઈ આવેલ છે. તેઓ જણાવતા હું ઝગડીયા કંપનીમાંથી નેત્રંગ દવાખાને આવેલ ત્યાં મારી પત્નિ તથા ગામના બીજા માણસો હાજર હતા.મારા છોકરાને લાશ

પી.એમ.રૂમમાં મુકી રાખેલ તેને જોતાં તેને કપાળના ભાગે પગના ભાગે ઈજા થયેલ હતી અને કમરથી નીચે ચામડી છોલાઈ ગયેલ હતી. મને જાણવા મળેલ કે મારો છોકરો અમારો મોટરસાઈકલ લઈ નિશાળે ગયેલ હતો અને સાં જના સમયે અમારા ગામના જગદીશભાઈએ ઘરે આવીને મારી પત્નિને મારા છોકરાનું ચંન્દવાણ ગામે અકસ્માત થયેલ હોવાનું જણાવેલ ત્યારબાદ બનાવ અંગે મેં ફરીયાદ આપેલી. આજરોજ મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું . જે ફરીયાદ આંક–૦૭ થી રજુ છે. અકસ્માત કરનાર ઈકકો ગાડીનો નંબર–૩૨૬૧ નો હોવાનું મને યાદ છે. પરંતું આખો નંબર હાલ યાદ નથી. તેનો ચાલક કોણ હતો તેની મને ખબર નથી.

સદર ફરીયાદી તેમની જુબાનીમાં રજુ થયેલ ઉપરોકત ફરીયાદ હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરતા તેમાં તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી  છે કે, મેં મારી ફરીયાદમાં અકસ્માત કરનાર ઈકકો ગાડી નંબર જી.જે–૧ ૬–ડી.એસ–૩૨૬૧નો હોવાનું લખાવેલ છે.

ત્યારબાદ આ કામે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ફરીયાદીની ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે,  એ વાત ખરી છે કે, બનાવ સમયે હું ઝઘડીયા કંપનીમાં હતો. એ વાત ખરી છે કે, અકસ્માત કેવી રીતે થયેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે બનાવની જાણ મને સુરેશભાઈના કહેવાથી થયેલ.

આમ, ફરીયાદપક્ષે તપાસેલ ઉપરોક્ત ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરતા, સદર ફરીયાદીની જુબાનીથી આરોપી વિરુધ્ધ નો કોઈ સબળ પુરાવો અત્રેની કોર્ટના રેકર્ડ પર આવતો ન હોય તે સં  જોગોમાં  આરોપી  ધ્વારા

તેઓનું વાહન બેફીકરાઈ તથા ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હોય તેવી કોઈ બાબત સ્પષ્ટ રીતે અત્રેની કોર્ટના રેકર્ડ ઉપર આવતી ન હોય અને તે સંજોગોમાં બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૦૬(૧),માં દર્શાવ્યા મુજબ આરોપીનું બેદરકારી પુર્વકનુ કૃત્ય હોવાનું પુરવાર થતું ન હોય તે સં જોગોમાં ફરીયાદીના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી.

**(૧૨)** આ કામે ફરીયાદપક્ષે સાહેદ વસંતાબેન અર્જુનભાઈ વસાવા નાઓને આંક–૦૮ થી તપાસેલા છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તારીખ ૧૧/૦૨/૨૦૨૫ ના રોજ બનેલ બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતી અને મારો છોકરો જયપાલ અમારી મોટર સાઈકલ લઈ નિશાળે ગયેલ અને સાંજ થતા પરત આવેલ નહી. ત્યારબાદ સાંજના સમયે છ એક વાગ્યાના સુમારે અમારા ગામના જગદીશભાઈ ઘરે આવી અને મને જણાવેલ કે મારા છોકરા જયપાલનું ચંન્દ્વાણ ગામના બસસ્ટેન્ડ પાસે ઈકકો ગાડી સાથે અકસ્માત થયેલ છે અને તેને સારવાર માટે નેત્રંગ દવાખાને લાવેલા હતા અને વધુ સારવાર માટે રાજપીપળા લઈ જતા હતા ત્યારે તે રસ્તામાં મરણ ગયેલ હોવાથી તેને પરત નેત્રંગ દવાખાને પી.એમ.માટે લઈ આવેલ છે. તેઓ જણાવતા હું તથા ગામના બીજા માણસો સાથે નેત્રંગ દવાખાને આવેલ. મારા છોકરાને લાશ પી.એમ.રૂમમાં મુકી રાખેલ તેને જોતાં તેને કપાળના ભાગે તથા પગના ભાગે ઈજા થયેલ હતી અને કમરથી નીચે ચામડી છોલાઈ ગયેલ હતી.અકસ્માત કરનાર ઈકકો ગાડી નો નંબર ૩૨૬૧ નો હોવાનું મને યાદ છે પરંતું આખો નંબર હાલ યાદ નથી. તેનો ચાલક કોણ હતો તેની મને ખબર નથી.

સદર સાહેદ તેમની જુબાનીમાં રજુ થયેલ ઉપરોકત ફરીયાદ હકિકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિધ્વાન એ.પી.પી. શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે.એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે, મેં મારા નિવેદનમાં અકસ્માત કરનાર ઈકકો ગાડી નંબર જી.જે.૧૬–ડી.એસ–૩૨૧૬ નો હોવાનું લખાવેલ છે.

ત્યારબાદ આ કામે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ સાહેદની ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, બનાવ સમયે હું મારા ઘરે હતી. એ વાત ખરી છે કે અકસ્માત કેવી રીતે થયેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે બનાવની જાણ મને અક્ષયના કહેવાથી થયેલ.

આમ, ફરીયાદપક્ષે તપાસેલ ઉપરોક્ત ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરતા, સદર ફરીયાદીની જુબાનીથી આરોપી વિરુધ્ધનો કોઈ સબળ પુરાવો અત્રેની કોર્ટના રેકર્ડ પર આવતો ન હોય તે સંજોગોમાં આરોપી ધ્વારા તેઓનું વાહન બેફીકરાઈ તથા ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હોય તેવી કોઈ બાબત સ્પષ્ટ રીતે અત્રેની કોર્ટના રેકર્ડ ઉપર આવતી ન હોય અને તે સંજોગોમાં બી.એન.એસ.૨૦૨૩ ની કલમ–૨૮૧,૧૦૬(૧),માં દર્શાવ્યા મુજબ આરોપીનું બેદરકારી પુર્વકનુ કૃત્ય હોવાનું પુરવાર થતું ન હોય તે સંજોગોમાં ફરીયાદીના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી.

**(૧૩)** વધુમાં આ કામે બચાવપક્ષની સંમતિથી ગુનાવાળી જગ્યાના પં ચનામાને સીધેસીધો રજુ દાખલ આંક–૦૯ આપવામાં આવેલ છે. સ દર ગુનાવાળી જગ્યાનું પંચનામું વંચાણે લેતાં તેમાં જે જગ્યાએ ગુનો આચરવાનું કૃત્ય કરવામાં આવેલ તે જગ્યા તથા તેની આજુબાજુની સ્થળ સ્થિતિ દર્શાવવામાં આવેલ છે. આમ સદર પંચનામું ધ્યાને લેતાં ઉપરોકત

બાબતો અત્રેની કોર્ટના રેકર્ડ પર આવવા પામેલ છે પરંતુ આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી જયારે તેઓની કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરુધ્ધનો લેશમાત્ર પુરાવો રજુ રાખતા ન હોય તે સંજોગોમાં સદર પંચનામાના આધારે આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર થતો નથી.

**(૧૪)** આ કામે બચાવપક્ષની સમંતિથી ઈન્કવેસ્ટ પંચનામાને સીધો રજુ દાખલ આંક–૧૦ આપવામા આવેલ છે. ઉપરોકત ઈન્કવેસ્ટ પંચનામા ને વં ચાણે લેતા તેમા મરણ જનાર સાહેદને શરીરના ભાગે વાહન અકસ્માત થી ઈજા થયેલ હોવાનું તેમજ મરણ જનાર વ્યકિતનું મૃત્યુ કયા કારણોસર થયેલ તે બાબતો રેકર્ડ ઉપર આવવા પામેલ છે.પરંતુ ઉપરોકત રજુ દસ્તાવેજોના આધારે હાલના આરોપી ધ્વારા તેઓના હવાલામાનું વાહન બેદરકારી તથા ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરી સાહેદને ઈજા પહોં ચાડેલ હોય કે તેના કારણે મરણ જનારનું મૃત્યુ થયેલ હોય તેવી કોઈ બાબતો રેકર્ડ ઉપર આવવા પામતી નથી.

**(૧૫)** આ કામે બચાવપક્ષની સમંતિથી પી.એમ.નોટને સીધો રજુ દાખલ આં ક–૧૨ આપવામા આવેલ છે. ઉપરોકત પી.એમ.નોટ વંચાણે લેતા તેમાં મરણ જનાર સાહેદને શરીરના ભાગે વાહન અકસ્માતથી ઈજા થયેલ હોવાનું તથા તે અંગે તેઓએ સારવાર લીધેલ હોવાની બાબતો તેમજ મરણ જનાર વ્યકિતનું મૃત્યુ કયા કારણોસર થયેલ તે બાબતો રેકર્ડ ઉપર આવવા પામેલ છે.પરંતુ ઉપરોકત રજુ દસ્તાવેજોના આધારે હાલના આરોપી ધ્વારા તેઓના હવાલામાનું વાહન બેદરકારી તથા ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરી સાહેદને ઈજા પહોંચાડેલ હોય કે તેના કારણે મરણ જનારનું મૃત્યુ થયેલ હોય તેવી કોઈ બાબતો રેકર્ડ ઉપર આવવા પામતી નથી.

**(૧૬)** આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૦૬(૧) ની કાયદાકીય જોગવાઈ ઘ્યાને લેવામાં આવે તો કોઈ પણ વ્યકિતને આ ગુના અન્વયે ત્યારે જ તકસીરવાન ઠરાવી શકાય છે કે જયારે પુરાવાકીય રીતે આરોપી બનાવ સમયે તેવુ કૃત્ય કરેલ હોય કે બેફામ પણે કરેલ હોય અથવા બેદરકારી રીતે કરવામાં આવેલ હોય, પરંતુ ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ આ કામે ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલ મૌખીક પુરાવાઓને ઘ્યાને લેવામાં આવે તો આ કામે હાલનો આરોપી બનાવ સમયે બનાવવાળું વાહન ચલાવતો હોય તેમજ બેફામ રીતે, બેદરકારી ભરી રીતે અથવા તો મનુષ્ય જીવન જોખમાય તેવી રીતે ચલાવતો હોવા બાબતે કોઈ સક્ષમ પુરાવો મળી રહેલ નથી. ત્યારે હાલના આક્ષેપીત ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૬(૧) માટે પણ હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું મારૂ નમ્રપણે માનવું છે

**(૧૭)** આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવે તો, ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાલક્ષમાં લેતા, હાલના કામે અકસ્માત થયેલ હોવાનું અને તે અકસ્માતમાં સાહેદોને ઈજાઓ થયેલ હોવાનું માની લેવામાં આવે તો પણ ફરીયાદપક્ષે મહત્વનું હિત ધરાવતા સાહેદે રજુ કરેલ તેમના પુરાવાની હકીકત નજર સમક્ષ રાખતા, આ બનાવ ખરેખર કોની ભુલના કારણે બનેલો છે તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવામાંથી જણાઈ આવતી નથી. બનાવ સમયે અકસ્માતવાળા વાહનની ગતિ કેટલી હતી તથા આરોપી તરફે બેદરકારી પૂર્વકનું કૃત્ય કરવામાં આવેલ હતુ તેવો કોઈ પુરાવો આપેલો નથી.આમ, આરોપીને ગુનામાં સંડોવતો લેશમાત્ર પુરાવો સદર કામે રજુ થયેલ પુરાવામાંથી રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. તેમજ સદર કામે આરોપીની બેદરકારીના કારણે બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત સાહેદોએ જણાવેલી

નથી. આરોપીએ તેમની વિરુધ્ધ શિક્ષાપાત્ર ગુનો આચરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૧૮) આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે એ પુરવાર થયેલ હોવું જરૂરી છે કે શું વાહન ચાલકે એવું કૃત્ય કરેલ છે કે તે કૃત્ય બી.એન.એસ.૨૦૨૩ ની કલમ-૨૮૧, ના પરીઘમાં પડતી હોય ? શું વાહન ચાલકે પુરતી કાળજી લીધા વિના બેદરકારીપણે કોઈ કૃત્ય કરેલ છે અને પોતાનું વાહન પુરઝડપે, બેદરકારી રીતે અને માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી હાલનો કહેવાતો અકસ્માત કરે છે કે કેમ? તે તમામ હકીકતો પુરવાર થવી જરૂરી છે પરંતુ આ કામે રજુ થયેલ તમામ પુરાવાનો વિગતે અભ્યાસ કરતા હાલના આરોપીએ પોતાનું વાહન ગફલતભરી રીતે, પુરઝડપે, બેદરકારીપુર્વક અને માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી અકસ્માત કરેલ હોય તેવી લેશમાત્ર હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી ફરીયાદ પક્ષ આરોપી સામેનો પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>:: હુકમ ::</u>

૧) આ કામના આરોપી વિનોદભાઈ વિઠ્ઠલભાઈ ભારજીભાઈ વસાવા, રહે.ટેકરી ફળીયું,ચંન્દ્રવાણ,તા.નેત્રંગ,જી.ભરૂચવાળાનાઓને બી.એન. એસ.ની કલમ-૨૭૮ અન્વયે બી.એન.એસ.૨૦૨૩ ની કલમ- ૨૮૧ ,૧૦૬ (૧),તથા એમ.વી. એકટ ની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪,૧૮૭ R/W મુજબ ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

આ હુકમ આજ તા.૨૭ માહે –એપ્રિલ –સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૭/૦૪/૨૦૨૬
મુ.નેત્રંગ

**(બી.આર.લખવાણી)**
જ્યુડી.મેજી.ફ.ક., નેત્રંગ
(જજ કોડ નં. જીજે૦૧૭૧૧)

//J.J.S.//